# ટૂંકી મુદતનો પ્રશ્ન

તા.૨૨/૯/૨૦૨૨

## ખાદ્યતેલના ભાવો અંકુશમાં રાખવા બાબત

ટૂં.મુ. ૮૭ : શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની સુરક્ષા બાબત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | | જવાબ | |
| --- | --- | --- | --- |
| (૧) | રાજ્યમાં ખાદ્યતેલના ભાવો દિન-પ્રતિદિન વધી રહ્યા છે તે હકિકતથી સરકાર વાકેફ છે, | (૧) | હા. |
| (૨) | જો હા, તો તા.૧૦/૦૯/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ૬ માસમાં વિવિધ ખાદ્યતેલોમાં માસવાર કેટલા ભાવ વધ્યા, અને | (૨) | તા.૧૦/૦૯/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ૬ માસમાં વિવિધ ખાદ્યતેલોમાં માસવાર ભાવ વધારાની વિગતો દર્શાવતું પરિશિષ્ટ-૧ આ સાથે સામેલ રાખેલ છે. |
| (3) | ખાદ્યતેલના ભાવોને અંકુશમાં લેવા સરકારે શાં પગલા લીધા? | (3) | ખાદ્યતેલના ભાવોને અંકુશમાં લેવા સરકાર દ્વારા લીધેલ પગલાંની વિગતવાર માહિતી દર્શાવતું પરિશિષ્ટ-૨ આ સાથે સામેલ રાખેલ છે. |

## માર્ચ -૨૦૨૨ થી સપ્ટેમ્બર-૨૦૨૨ (૧૦-સપ્ટેમ્બર-૨૦૨૨ અંતિત) સુધીના ખાદ્ય તેલના છુટક ભાવો (યુનિટ: પ્રતિ ૧ કિલો ગ્રામનો ભાવ રૂપિયામાં)

| નં. | માસનુ નામ | સિંગતેલ | અગાઉના માસના સંદર્ભમાં વધારો/ ઘટાડો | કપાસિયા તેલ | અગાઉના માસના સંદર્ભમાં વધારો/ ઘટાડો | સરસવનું તેલ | અગાઉના માસના સંદર્ભમાં વધારો/ ઘટાડો | સોયાબીન તેલ | અગાઉના માસના સંદર્ભમાં વધારો/ ઘટાડો | સુરજમુખીનું તેલ | અગાઉના માસના સંદર્ભમાં વધારો/ ઘટાડો | પામોલીન તેલ | અગાઉના માસના સંદર્ભમાં વધારો/ ઘટાડો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | માર્ચ ૨૦૨૨ | ૧૬૫ | ૦ | ૧૫૪ | ૦ | ૧૭૨ | ૦ | ૧૫૦ | ૦ | ૧૬૪ | ૦ | ૧૩૩ | ૦ |
| ૨ | એપ્રિલ -૨૦૨૨ | ૧૭૦ | ૫ | ૧૫૮ | ૪ | ૧૭૧ | -૧ | ૧૫૦ | ૦ | ૧૬૫ | ૧ | ૧૪૨ | ૯ |
| ૩ | મે- ૨૦૨૨ | ૧૭૪ | ૪ | ૧૬૯ | ૧૧ | ૧૭૦ | -૧ | ૧૫૪ | ૪ | ૧૭૦ | ૫ | ૧૫૦ | ૮ |
| ૪ | જુન-૨૦૨૨ | ૧૭૫ | ૧ | ૧૭૨ | 3 | ૧૭૦ | ૦ | ૧૫૪ | ૦ | ૧૭૨ | ૨ | ૧૪૮ | -૨ |
| ૫ | જુલાઇ-૨૦૨૨ | ૧૭૯ | ૪ | ૧૭૨ | ૦ | ૧૭૫ | ૫ | ૧૬૫ | ૧૧ | ૧૭૭ | ૫ | ૧૫૧ | 3 |
| ૬ | ઓગસ્ટ -૨૦૨૨ | ૧૮૨ | 3 | ૧૭૧ | -૧ | ૧૭૫ | ૦ | ૧૬૬ | ૧ | ૧૭૮ | ૧ | ૧૫૦ | -૧ |
| ૭ | ૧૦-સપ્ટેમ્બર -૨૦૨૨ | ૧૮૪ | ૨ | ૧૭૦ | -૧ | ૧૭૪ | -૧ | ૧૬૪ | -૨ | ૧૭૬ | -૨ | ૧૩૯ | -૧૧ |

## માર્ચ -૨૦૨૨ થી સપ્ટેમ્બર-૨૦૨૨ (૧૦-સપ્ટેમ્બર-૨૦૨૨ અંતિત) સુધીના ખાદ્ય તેલના જથ્થાબંધ ભાવો (યુનિટ: પ્રતિ ૧૫ કિલો ગ્રામનો ભાવ રૂપિયામાં)

| નં. | માસનુ નામ | સિંગતેલ (પેકડ) | અગાઉના માસના સંદર્ભમાં વધારો/ ઘટાડો | કપાસિયા તેલ (પેકડ) | અગાઉના માસના સંદર્ભમાં વધારો/ ઘટાડો | સરસવનું તેલ (પેકડ) | અગાઉના માસના સંદર્ભમાં વધારો/ ઘટાડો | સોયાબીન તેલ (પેકડ) | અગાઉના માસના સંદર્ભમાં વધારો/ ઘટાડો | સુરજમુખીનું તેલ(પેકડ) | અગાઉના માસના સંદર્ભમાં વધારો/ ઘટાડો | પામોલીન તેલ (પેકડ) | અગાઉના માસના સંદર્ભમાં વધારો/ ઘટાડો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | માર્ચ ૨૦૨૨ | ૨૩૫૩ | ૦ | ૨૨૬૬ | ૦ | ૨૪૫૨ | ૦ | ૨૨૨૦ | ૦ | ૨૨૯૯ | ૦ | ૧૮૪૭ | ૦ |
| ૨ | એપ્રિલ -૨૦૨૨ | ૨૪૨૩ | ૭૦ | ૨૩૩૩ | ૬૭ | ૨૪૭૭ | ૨૫ | ૨૨૧૬ | -૪ | ૨૩૩૨ | 33 | ૧૯૭૧ | ૧૨૪ |
| ૩ | મે- ૨૦૨૨ | ૨૪૯૯ | ૭૬ | ૨૫૦૪ | ૧૭૧ | ૨૪૫૭ | -૨૦ | ૨૨૮૭ | ૭૧ | ૨૪૦૮ | ૭૬ | ૨૧૪૭ | ૧૭૬ |
| ૪ | જુન-૨૦૨૨ | ૨૫૪૫ | ૪૬ | ૨૫૩૨ | ૨૮ | ૨૪૯૯ | ૪૨ | ૨૩૨૯ | ૪૨ | ૨૪૨૪ | ૧૬ | ૨૧૩૮ | -૯ |
| ૫ | જુલાઇ-૨૦૨૨ | ૨૫૩૮ | -૭ | ૨૫૨૯ | -3 | ૨૪૭૧ | -૨૮ | ૨૩૦૦ | -૨૯ | ૨૩૯૯ | -૨૫ | ૨૦૫૦ | -૮૮ |
| ૬ | ઓગસ્ટ -૨૦૨૨ | ૨૫૮૨ | ૪૪ | ૨૫૧૯ | -૧૦ | ૨૪૫૬ | -૧૫ | ૨૨૪૦ | -૬૦ | ૨૩૮૮ | -૧૧ | ૨૦૪૦ | -૧૦ |
| ૭ | ૧૦-સપ્ટેમ્બર -૨૦૨૨ | ૨૬૩૧ | ૪૯ | ૨૫૦૨ | -૧૭ | ૨૩૯૧ | -૬૫ | ૨૧૮૨ | -૫૮ | ૨૩૬૪ | ૬ | ૧૯૦૨ | -૧૪૮ |

*સ્રોત : ભારત સરકારનું પ્રાઇઝ મોનિટરીંગ સેલ પોર્ટલ (% કપાસિયા તેલના ભાવો માટે રાજ્ય સરકારનું પીડીએસ પોર્ટલ)

## પરિશિષ્ટ-૨

## રાજ્યમાં ખાદ્યતેલોના ભાવ વધારો અંકુશમાં લેવા માટે લેવાયેલ પગલાં

(૧) ગ્રાહકોની બાબતોનો વિભાગ, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા તા.૦૩/૦૨/૨૦૨૨ના ઓર્ડરથી ખાદ્યતેલ અને ખાદ્યતેલીબિયાંના વધતા જતાં ભાવોને અંકુશમાં રાખવા માટે સ્ટોક લિમિટ દાખલ કરેલ. જે અન્વયે રાજ્ય સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ દ્વારા તા.૨૪/૦૨/૨૦૨૨ના ઓર્ડરથી "ગુજરાત ખાદ્યતેલ અને તેલિબિયાં (સંગ્રહ નિયંત્રણ) હુકમ, ૨૦૨૨" થી રાજ્યમાં ખાદ્યતેલ અને ખાદ્યતેલીબિયાંમાં સ્ટોક લિમિટ દાખલ કરાયેલ છે. આ સ્ટોક લીમીટની મુદત ભારત સરકાર દ્વારા તા.૩૦/૩/૨૦૨૨ના ઓર્ડરથી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ છે. જે અન્વયે રાજ્ય સરકાર દ્વારા આ સ્ટોક લિમિટને તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી રાજ્યમાં અમલમાં મુકેલ છે. ખેડૂતોને તથા આયાત-નિકાસકર્તાઓને શરતોને આધિન સ્ટોક લિમિટની જોગવાઈમાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

### સ્ટોક લિમિટની મર્યાદા દર્શાવતું ટેબલ

| નં. | આવશ્યક ચીજવસ્તુનું નામ | છુટક | જથ્થાબંધ | જથ્થાબંધ ઉપભોક્તા (છૂટક દુકાનોની મોટી શ્રૃંખલા) | | પ્રોસેસર |
|---|---|---|---|---|---|---|
| | | | | છુટક | જથ્થાબંધ | |
| ૧. | ખાદ્યતેલ | ૩૦ ક્વિંટલ { અંદાજે ૨૦૦ ડબ્બા (૧૫ કિ.ગ્રા ટીન)} | ૫૦૦ ક્વિંટલ {અંદાજે ૩૩૩૩ ડબ્બા (૧૫ કિ.ગ્રા ટીન)} | ૩૦ ક્વિંટલ {અંદાજે ૨૦૦ ડબ્બા (૧૫ કિ.ગ્રા ટીન)} | ૧૦૦૦ ક્વિંટલ {અંદાજે ૬૬૬૬ ડબ્બા (૧૫ કિ.ગ્રા ટીન)} | ૯૦ દિવસની સંગ્રહ ક્ષમતા |
| ૨. | ખાદ્ય-તેલીબિયાં | ૧૦૦ ક્વિંટલ | ૨૦૦૦ ક્વિંટલ | --- | | ૯૦ દિવસની ઉત્પાદનની સ્થાપિત ક્ષમતા |

(૨) ખાદ્યતેલોની ગેરકાયદેસરની સંગ્રહખોરી રોકવા, ખાદ્યતેલના ઉત્પાદકો અને વેપારીઓ પાસેના ખાદ્યતેલના સાપ્તાહિક જથ્થાની વિગતો માટે ભારત સરકારનું પોર્ટલ https://evegoils.nic.in (ઈવીઈજીઓઆઈએલએસ પોર્ટલ) કાર્યરત કરવામાં આવેલ છે. જેમાં જિલ્લા સ્તરેથી વેપારીઓ પાસેના જથ્થાની વિગતો દર્શાવવા માટેની જરૂરી સૂચના આપવામાં આવેલ છે. તેમજ હાલ સદર પોર્ટલ પર રાજ્યના ખાદ્યતેલ અને ખાદ્યતેલીબિયાંના કુલ ૧,૩૨૨ વેપારીઓ, ઉત્પાદકો વગેરે દ્વારા રજીસ્ટ્રેશન કરાયેલ છે.

(૩) ભારત સરકાર દ્વારા માહે એપ્રિલ-૨૦૨૨ અને મે-૨૦૨૨ માસમાં ખાદ્યતેલ અને ખાદ્યતેલીબિયાંમાં સ્ટોક લિમિટની તપાસ સંદર્ભે રાજયમાં તપાસ હાથ ધરેલ હતી. તથા જિલ્લાકક્ષાની ટીમ દ્વારા પણ સ્ટોકલિમિટની અમલવારી સંદર્ભે જાન્યુઆરી-૨૦૨૨ થી જુલાઈ-૨૦૨૨ સુધી કુલ ૩૨૮ તપાસ હાથ ધરાયેલ છે. જેમાં નિયમાનુસાર દંડાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) વિદેશ વ્યાપાર મહાનિર્દેશાલય (ડીજીએફટી), ભારત સરકારના તા.૩૦/૬/૨૦૨૧ના નોટિફિકેશનથી આયાતી રીફાઇન્ડ પામોલીન તેલને તા.૩૧/૧૨/૨૦૨૧ સુધી "પ્રતિબંધિત" કેટેગરીમાંથી "મુક્ત" કેટેગરીમાં મુકવામાં આવેલ. જેની મુદ્દત વધારી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી લંબાવેલ છે.

(૫) નાણાં વિભાગ, ભારત સરકાર દ્વારા તા.૧૦/૦૯/૨૦૨૧ના નોટિફિકેશનથી ક્રુડ સોયાબીન તેલ, ક્રુડ પામોલીન તેલ અને ક્રુડ સનફ્લાવર તેલ પરનો આયાત માટેનો વેરો ઘટાડીને ૨.૫ ટકા કરેલ અને ત્યારબાદ તા.૧૩/૧૦/૨૦૨૧ના નોટિફિકેશનથી આ વેરો ઘટાડીને "શૂન્ય" કરવામાં આવેલ છે. જે તા.૩૧/૦૩/૨૦૨૩ સુધી અમલમાં રહેશે.

(૬) રાજ્ય સરકાર દ્વારા જન્માષ્ટમી અને દિવાળીના તહેવાર નિમિત્તે અંત્યોદય અને બી.પી.એલ. કાર્ડ ધરાવતા આશરે ૩૫ લાખ કુટુંબોને કુટુંબદીઠ એક લીટર કપાસીયા તેલ રાહતદરે આપવામાં આવતું હતું. તેના બદલે હવે "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા (એનએફએસએ)" હેઠળ સમાવેલ તમામ ૭૧ લાખ રેશન કાર્ડ ધારકોને કુટુંબદીઠ ૧ લીટર સિંગતેલના પાઉચ રૂ.૧૦૦/-ના રાહતદરે વિતરણ કરવામાં આવે છે. જેમાં રાજય સરકાર દ્વારા પ્રતિ પાઉચ રૂ.૯૭/- સબસીડી નો ખર્ચ વહન કરવામાં આવે છે.